# આતમનાં ઓવારે

(રાગ: સાવન કા મહિના પાવન કરે શોર)

આતમનાં ઓવારે...

અંધારા ઘનઘો..ર (૪) , હાં

પગલાં રે પાડો સ્વામી થાય જ્યોતિ ઝાકમઝોળ

આતમનાં ઓવારે, અંધારા ઘનઘોર

પગલાં રે પાડો સ્વામી, થાય જ્યોતિ ઝાકમઝોળ (૨)

માંડ કરી જ્યાં મારો દિવડો જલાવું

આંધી આવે ત્યાં એને ક્યાંથી બચાવું

માંડ કરી જ્યાં મારો દિવડો જલાવું

આંધી આવે ત્યાં એને ક્યાંથી બચાવું

અવગુણની આંધીમાં દિપક છે ડામાડોળ (૨)

પગલાં રે પાડો સ્વામી, થાય જ્યોતિ ઝાકમઝોળ,

ઓ ઓ ...

આતમનાં ઓવારે, અંધારા ઘનઘોર

પગલાં રે પાડો સ્વામી, થાય જ્યોતિ ઝાકમઝોળ

પાવન પંથે જાવા જીવડો પુકારે
દિવડા વિના હું ચાલું કોના સહારે
પાવન પંથે જાવા જીવડો પુકારે
દિવડા વિના હું ચાલું કોના સહારે
અંતરની આંખોના અજવાળા કમજોર (૨)
પગલાં રે પાડો સ્વામી, થાય જ્યોતિ ઝાકમઝોળ,
ઓ ઓ ...
આતમનાં ઓવારે, અંધારા ઘનઘોર
પગલાં રે પાડો સ્વામી, થાય જ્યોતિ ઝાકમઝોળ

થાક ભર્યો છે પગમાં નયણે નિરાશા
છોડી નથી મેં તોયે મંઝીલની આશા
થાક ભર્યો છે પગમાં નયણે નિરાશા
છોડી નથી મેં તોયે મંઝીલની આશા
મુક્તિનાં મારગડે અથડાઉં ચારે કોર (૨)
પગલાં રે પાડો સ્વામી, થાય જ્યોતિ ઝાકમઝોળ,
ઓ ઓ ...
આતમનાં ઓવારે, અંધારા ઘનઘોર
પગલાં રે પાડો સ્વામી, થાય જ્યોતિ ઝાકમઝોળ (૩)

2016-07-07